જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૧/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૪૫/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૧૩ | ૪૦ | ૧૦૮૫૩ | ૧૬૯૫૯ | ૩૧ | ૧૬૯૯૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૨૦ | ૮ | ૪૪૨૮ | ૫૯૪૦ | ૮ | ૫૯૪૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૧૨૬ | ૧૨૪ | ૧૬૨૫૦ | ૧૬૯૮૬ | ૧૪૦ | ૧૭૧૨૬ |
| કુલ | | ૩૧૪૧૪ | ૧૭૨ | ૩૧૫૮૬ | ૪૦૧૧૯ | ૧૭૯ | ૪૦૨૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪ | ૧૦,૬૨,૭૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૨૮ | ૧૩,૨૮,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી,ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરૂરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબ ના માર્ગદર્શન હેઠળ તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એમ.બી.જાડેજા સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલખાન તથા અ.હે.કો. રામચંદ્ર શાંતારામ નાઓને મળેલ બાતમી આધારે ચોરીનો મોબાઇલ ફોન તથા આરોપીઓ પકડી પાડી વસ્ત્રાપુર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૫૪૪/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ (એ)(૩), ૧૧૪ મુજબનો ગુન્હો શોધી કાઢી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## આરોપીઓ :-

(૧) સલમાન સ/ઓ મુન્નાભાઇ ઇસ્માઇલભાઇ અંસારી ઉ.વ-૨૧ ધંધો-બેરોજગાર રહે-એસ/૨ શાહીનબાનુના મકાન માં અંજુમન કોલોની આદર્શ હિન્દી વિધ્યાલયની સામે ઇકરા સ્કુલ પાસે જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર

(૨) લલીત ઉર્ફે લાલુ સ/ઓ દાનસીંગભાઇ રાજારામ દોહરે ઉ.વ-૨૦ ધંધો.નોકરી રહે – ઘર નં.૩ પ્રભાતભાઇ રબારીના મકાનમાં લક્ષ્મીનગર વાળીનાથ ચોક મેમનગર અમદાવાદ શહેર

## કબ્જે કરેલ મુદ્દામાલ :-

(૧) બ્લુ કલરનો રેડમી કંપનીનો સેવન મોડલનો મોબાઇલ ફોન જેના IMEI નં.1- 868158045723431 તથા IMEI નં.2- 868158045723449 નાનો કિ.રૂ.૫,000/-

(૨) આગળ પાછળ RTO નંબર પ્લેટ વગરનુ કાળા કલરનુ હોન્ડા સીડી ૧૧૦ મોટર સાયકલ કિ.રૂ.૪0,000/- નો મુદ્દામાલ

## આરોપીઓનો ગુન્હાહીત ઇતીહાસ :-

આરોપી નં.(૧) નાનો ગુન્હાહીત ઇતીહાસ

(૧) વસ્ત્રાપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૨૫/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૯૪ ,૧૧૪ GPA ક.૧૩૫ મુજબ

(૨) ઘાટલોડીયા પો.સ્ટે. સી પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૪૨૦૦૦૯૮/૨૦૨૦ પ્રોહિ.એક્ટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬ બી ૯૮(૨) મુજબ

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબ તથા પો.સબ ઇન્સ. શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલખાન તથા અ.હેડ.કોન્સ નરેંદ્રભાઇ પરસોતમભાઇ તથા અ.હે.કો.રામચંદ્ર શાંતારામ તથા અ.પો.કો. સંજયભાઇ કાનજીભાઇ તથા અ.લો.ર વિશાલકુમાર પુંજાભાઇ તથા અ.લો.ર. વિનોદભાઇ દલપતભાઇ.

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## ચોરીના અને શરીર સબંધી ગુનાઓ આચરતા આરોપીની પાસા અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એસ.જે.રાજપુત નાઓની સુચના આધારે ચોરીના અને મારા મારીના ગુનાઓ આચરતો આરોપી સદ્દામ મહોમંદહુસેન કાલુમીયા જાતે-શેખ ઉ.વ.૨૫ રહે.મ.નં.૩૬૮/૬, બાલાપીરની ચાલી પેટ્રોલ પંપની સામે સરસપુર અમદાવાદ શહેર તથા ૪૦, મીનનગર વિ-૨, લોખંડવાલા પાર્ટી પ્લોટની સામે જુહાપુરા અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૧૩૫/૨૦૧૮ ઈપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી એક્ટ કલમ ૧૩૫(૧) તથા અટ્રોસીટી એક્ટ કલમ ૩(૨)(૫)(એ) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૦૦ ૯૮૧/૨૦૨૦ ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય સદરી આરોપી વિરુધ્ધમાં જરુરી પુરાવાઓ એક્ત્રીક કરી પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૨૦૯/૨૦૨૦ તા.૨૪/૧૧/૨૦૨૦ ના રોજ પાસા હુકમ થયેલ હોય જે આરોપીને તા.૨૫/૧૧/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાલારા ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## ખાડીયા પોલીસ સ્ટેશન (૧)

## મિલ્કત સબંધી ગુનાના કામે પાસા અટકાયત કરી ભુજ જેલ ખાતે મોકલી આપતી ખાડીયા પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-3 મકરંદ ચૌહાણ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ‘ ઇ ’ ડિવી. શ્રી ડૉ.સાગર સાંબડા સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી.ડી.સોલંકી નાઓએ અ.હે.કો. ગેમરભાઇ આલાભાઇ તથા અ.પો.કો. દિપકકુમાર તનસુખભાઈ તથા અ.લો.ર. રાજેશકુમાર ધરમશીભાઇનાઓની મદદ આધારે ખાડીયા પોલીસ સ્ટેશન તથા કાગડાપીઠ તથા જી.આઈ.ડી.સી. (વટવા) પોલીસ સ્ટેશનના મિલ્કત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઇસમ મોહમદ મોહસીન ઉર્ફે બકરો સ/ઓ ફરીદભાઇ શેખ ઉ.વ-૨૮ રહે- મ.નં. - ૭૫ શાહ આલમ પાર્ક પટેલનું મેદાન ૪ નંબર કબાડી માર્કેટની સામે દાણીલીમડા અમદાવાદ શહેરનાની વિરૂદ્ધ પાસા અટકાયત અંગેની દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ દરખાસ્ત રજુ કરતાં પાસા અટકાયત હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૦૭/૨૦૨૦ તા.-૨૪/૧૧/૨૦૨૦ મુજબથી હુકમ થતાં સદરી હુકમ આધારે સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફને પાસા અટકાયતીને શોધી કાઢવા કરેલ સુચના આધારે હે.કો. સમીરસિંહ પ્રતાપસિંહ અને હે.કો. માલજીભાઇ નાથુભાઇ નાઓએ ચોક્કસ બાતમી હકીકત મેળવી અ.હે.કો. ગેમરભાઈ આલાભાઈ તથા અ.લો.ર. હિતેન્દ્રસિંહ જગદિશસિંહ તથા વુ.અ.હે.કો. આયશા અલાઉદીન અને અ.વુ.લો.ર. જાગૃતિબેન અમૃતભાઈ નાઓ સાથે ટીમ બનાવી સદરી અટકાયતીને પકડી લાવી રજુ કરતા હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં.- ૮૦૨૨ નાઓએ સદરી પાસા અટકાયતીને તા.-૨૪/૧૧/૨૦૨૦ ના રોજ  હુકમની બજવણી કરી પાલારા ભુજ (કચ્છ) જેલ ખાતે પાસા અટકાયત હેઠળ મોકલી આપવા તજવીજ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા- ૨૫/૧૧/૨૦૨૦.



## ખાડીયા પોલીસ સ્ટેશન (૨)

## મિલ્કત સબંધી ગુનાના કામે પાસા અટકાયત કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપતી ખાડીયા પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ‘ ઇ ’ ડિવી. શ્રી ડૉ.સાગર સાંબડા સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી.ડી.સોલંકી નાઓએ અ.હે.કો. ગેમરભાઇ આલાભાઇ તથા અ.પો.કો. દિપકકુમાર તનસુખભાઈ તથા અ.લો.ર. રાજેશકુમાર ધરમશીભાઇનાઓની મદદ આધારે ખાડીયા પોલીસ સ્ટેશન તથા કાગડાપીઠ તથા કાલુપુર પોલીસ સ્ટેશનના મિલ્કત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઇસમ મોહંમદ ઈરફાન ઉર્ફે ગેન્ગી સ/ઓ મોહંમદ ઈસ્માઈલ સૈયદ ઉ.વ. ૨૫ રહે.- મ.નં.- ૨૧૦ ફીજા એપાર્ટમેન્ટ આયશા મસ્જીદની પાછળ સરખેજ કેનાલ સરખેજ અમદાવાદ શહેરનાની વિરૂદ્ધ પાસા અટકાયત અંગેની દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ દરખાસ્ત રજુ કરતાં પાસા અટકાયત હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૦૮/૨૦૨૦ તા.-૨૪/૧૧/૨૦૨૦ મુજબથી હુકમ થતાં સદરી હુકમ આધારે સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફને પાસા અટકાયતીને શોધી કાઢવા કરેલ સુચના આધારે હે.કો. સમીરસિંહ પ્રતાપસિંહ અને હે.કો. માલજીભાઇ નાથુભાઇ નાઓએ ચોક્કસ બાતમી હકીકત મેળવી અ.લો.ર. મહેશકુમાર રમેશભાઈ તથા અ.લો.ર. હિતેન્દ્રસિંહ જગદિશસિંહ નાઓ સાથે ટીમ બનાવી સદરી અટકાયતીને પકડી લાવી રજુ કરતા હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં.- ૮૦૨૨ નાઓએ સદરી પાસા અટકાયતીને તા.- ૨૪/૧૧/૨૦૨૦ ના રોજ  હુકમની બજવણી કરી રાજકોટ જેલ ખાતે પાસા અટકાયત હેઠળ મોકલી આપવા તજવીજ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા- ૨૫/૧૧/૨૦૨૦.



# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>પી.સી.બી</u>

## <u>"રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો નંગ : ૩૪૨ કિમંત રૂ.૪૬,૬૨૫/- નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી."</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના આપેલ જે સુચના આધારે તા.૨૫.૧૧.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના અ.હેડ.કોન્સ. વિજયસિંહ હિન્દુજી તથા અ.હેડ.કોન્સ. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ તથા અ.હેડ.કોન્સ. યોગેન્દ્રસિંહ હઠીસિંહ તથા અ.હેડ.કોન્સ. શૈલેષ દેવાભાઇ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અ.હે.કો. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે સલમાબેન નઝીરઅબ્દુલભાઇ શેખ તથા તેના પતિ નઝીરઅબ્દુલ કાદરભાઇ શેખ ના અર્બનનગર ચાર રસ્તા રખિયાલ ખાતે આવેલ મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારુ અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ નંગ.૩૪૨ કિ.રુ.૪૬,૬૨૫/- મુદ્દામાલ પકડી પાડી બે આરોપીને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી કરી રખિયાલ પોસ્ટે ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૨૯૨૦૦૬૮૭/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬બી. ૬૫એઇ. ૧૧૬(૧)બી. ૮૧ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### <u>વોન્ટેડ આરોપીઓ :</u>

**(1) સલમાબેન નઝીરઅબ્દુલભાઇ શેખ (2) નઝીરઅબ્દુલ કાદરભાઇ શેખ બન્ને રહે : અર્બનનગર ચાર રસ્તા રખિયાલ, અમદાવાદ શહેર.**

### <u>ગુનાની જગ્યા :</u>

નહિ પકડાયેલ આરોપી સલમાબેન નઝીરઅબ્દુલભાઇ શેખ તથા તેના પતિ નઝીરઅબ્દુલ કાદરભાઇ શેખ રહે અર્બનનગર ચાર રસ્તા રખિયાલ અમદાવાદ શહેર નાઓના મકાન માંથી ,

### <u>પકડાયેલ મુદામાલ</u> :

ભારતીય બનાવટની વિદેશી દારુ અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ નંગ.૩૪૨ કિ.રુ.૪૬Ê૬૨૫/-



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૩ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૪૮/૨૦૨૦

**સાબરમતીઃ** સંદિપભાઈ દિનેશભાઈ જોષી (ઉ.વ.૩૮) (રહે. અદાણી પ્રથમ રેસીડેન્સી નિરમા યુનિવર્સીટી પાછળ ત્રાગડ રોડ સાબરમતી) એ તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી તા.૧૭/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૨૨૫૮૭૪૨૦૩ ના ધારકે સંદીપભાઈ જોષીના મોબાઈલ પર ફોન કરી વિશ્વાસમા લઇ સંદીપભાઈ જોષી પાસે ક્રેડીટકાર્ડ નંબર, સીવીવી નંબર તથા મોબાઇલમા આવેલ ઓ.ટી.પી નંબર મેળવી ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૪૯,૯૩૦/- ટ્રાન્જેક્શન કરી ઓનલાઈન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મેહતા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ (૧)** પ્રદીપકુમાર કનૈયાલાલ ગુપ્તા (ઉ.વ.૬૪) (રહે. પાર્થ ઇન્દ્રપ્રસ્થ ટાવર સરકારી વસાહત પાછળ વસ્ત્રાપુર) એ તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૨૦ કલાક ૧૧/૧૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૩૮૨૫૯૩૯૭૮ ના ધારકે પ્રદીપકુમાર ગુપ્તાના મોબાઈલ પર ફોન કરી પોતાનુ નામ રવિશ શર્મા જણાવી પે-ટીમ એપ્લીકેશનની કેવાયસી અપડેટ કરવાનુ કહી પ્રદીપકુમારના ફોનમા એનીડેસ્ક અને ક્વીક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી પે-ટીએમ એપ્લીકેશનમાંથી પ્રદીપકુમારના બેન્કના ખાતામાંથી રૂપિયા ૧,૩૨,૮૮૦/- ઓનલાઈન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ(૨)** ભરતભાઇ ભોગીલાલ તુરખીયા (ઉ.વ.૬૪) (રહે. સારથી-૩ ડ્રાઇવ ઇન સિનેમા પાછળ વસ્ત્રાપુર) એ તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૪/૨૦૨૦ ના ક.૧૨/૫૫ વાગે મોબાઈલ નંબર ૭૯૦૮૩૭૨૯૫૩ ઉપર થી ભરતભાઈના મોબાઈલમાં તમારુ કે.વાય.સી બ્લોક થઇ ગયેલ છે એવો એસએમએસ આવતા ભરતભાઈએ એસએમએસ આવેલ નંબર પર ફોન કરતા ફોન ઉપાડેલ નહી ત્યારબાદ બીજા મોબાઇલ ફોન નંબર ૮૬૧૭૦૬૪૯૮૮ ઉપરથી ફોન આવેલ અને જણાવેલ કે ઓનલાઇન કે.વાય.સી ચાલુ કરી આપવા જણાવી એપ ડાઉનલોડ કરવા જણાવી પે.ટી.એમ એકાઉન્ટમા ૧ રૂપિયો ડેબીટકાર્ડથી ટ્રાન્સફર કરવાનુ જણાવતા ભરતભાઈએ પે.ટી.એમ એકાઉન્ટમા રૂપિયા ૧૦૦/- ટ્રાન્સફર કરેલ ત્યારબાદ ભરતભાઈના પે.ટી.એમ. એકાઉન્ટમા રૂપિયા ૪૫,૦૦૦/- જમા થઇ ગયેલ બાદમાં પાંચ મિનિટમાં ભરતભાઈના પે.ટી.એમ એકાઉન્ટમાંથી અલગ-અલગ મોબાઈલ નંબર ૮૬૧૭૦૬૪૯૮૮, ૨૯૭૧૭૮૮૫૫૩, ૯૯૦૫૩૮૮૨૪૪ ના ધારકોના પે.ટી.એમ.માં કુલ રૂપિયા ૫૦,૨૯૯/- ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૪૯/૨૦૨૦</u>**

**નારોલઃ** રાજીવ શ્રવણકુમાર શર્મા (રહે. પ્રેસ્ટીજ બંગ્લોજ યશ બંગ્લોઝની બાજુમા ઘોડાસર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૦ સાજના ૭/૦૦ થી તા.૨૫/૧૧/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ શ્રીરામ એસ્ટેટ વિભાગ-૧ ખાતે આર.એસ. ફેશન ફેબ્રીક્સ નામના ગોડાઉન નંબર- ૯૮,૯૯,૧૦૦ ના શટર તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી તીજોરીમાથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૫૦/૨૦૨૦</u>**

**શાહીબાગઃ** ધીરુભાઇ જેઠાભાઇ પરમાર (રહે. ઉતર ગુજરાત સંગમ સોસાયટી મીના બઝાર રત્નાસાગર ચાર રસ્તા મેઘાણીનગર) તા.૨૫/૧૧/૨૦૨૦ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે સિવિલ હોસ્પિટલ ગેટ નંબર-૨ નજીક પોતાની ગાડી પાર્ક કરી ગાડીમાં બેઠા હતા ત્યારે અજાણ્યો પુરૂષ ગાડી નજીક આવી ધીરુભાઈને કહેલ કે “તમારી ગાડીમાં ઓઇલ ટપકે છે” તેમ કહેતા ધીરુભાઈ ગાડીમાંથી નીચે ઉતરી ગાડીનું બોનેટ ખોલી ઓઇલ ચેક કરતા હતા ત્યારે ધીરુભાઈની નજર ચુકવી અજાણ્યો પુરૂષ ગાડીમાંથી બેગ ચોરી કરી લઇ નાસી ગયો હતો. જે બેગમાં રોકડ રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની વીંટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેઝ અને પરચુરણ કાગળો હતા. આ અંગેની ફરીયાદ ધીરુભાઈ પરમારે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**વટવાઃ** ઇમરાનભાઇ ગનીભાઇ તૈલી (રહે. જહાંગીરનગર આમેના મસ્જીદ પાસે સૈયદવાડી વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૨૦ કલાક ૨/૪૫ થી સવારના ૭/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા જહાગીરનગર ખાતે પોતાની દુકાન સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી રોકડ રૂપિયા ૫૨,૨૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૭,૨૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ.મ.સ.ઈ.શ્રી વિજયરાજસિહ પ્રતાપસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૧/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** મનજીભાઇ નાનજીભાઇ દંતાણી (ઉ.વ.૫૫) (રહે.દેવનગર વોડાફોન ટાવર પાછળ ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૦ બપોરના ૩/૨૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**મણીનગરઃ** જીગ્નાબહેન અમીતભાઇ જોષી (ઉ.વ.૫૨) (રહે. દેવકુટીર એવન્યુ મણીનગર ક્રોસિંગ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૦ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા મણીનગર રેલ્વે સ્ટેશન મેઇન ડાઉન લાઇન મણીનગર એલ.સી. ફાટક નં -૩૦૮ પાસે થાંભલાનં ૪૯૧/૧૮ થી ૪૯૧/૨૦ વચ્ચે રેલવે ટ્રેક ઉપર ટ્રેઈન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**ખોખરાઃ** નિતીન અમરસિંહ ચાવડા (ઉ.વ.૩૫) (રહે. ગીરીવન સોસાયટી કુબેશ્વર મહાદેવની સામે સૈજપુર બોઘા મેમ્કો રોડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન બપોરના ૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી